## ઈ-મેઇલ મેસેજ

<u>પ્રતિ</u> :- ડાયરેકટરશ્રી, ગુજરાત ઇન્ફોર્મેટીક્સ લી.,ગાંધીનગર (gujinfo.gog@gmail.com )

<u>જાણ</u> :- (૧) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા., ગાંધીનગર

(૨) અધિક પોલીસ મહાનિદેશક અને કમિશ્નરશ્રી તકનીકી સેવા, ગુ.રા., ગાંધીનગર (gswan-conn@gujarat.gov.in)

(૩) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, જૂનાગઢ વિભાગ, જૂનાગઢ

<u>પ્રેષક</u> :- પોલીસ અધિક્ષક, પોરબંદર.

**<u>નંબર</u>** :- કોમ્પ્યુટર/વેબસાઇટ અપલોડ/૧૩૬/૨૦૨૩, તા.૨૪/૦૪/૨૦૨૩

**<u>વિગત</u>** :-

સવિનય આપશ્રીની કચેરીના જીસ્વાન મેસેજ નં. જી૧(ક્રાઇમ)/ટે-૨/સારી કામગીરી/૧૭૮૧/૨૦૧૨, તા.૧૭/૦૫/૨૦૧૨ તથા ગૃહ વિભાગ ગાંધીનગરના નં. આઇટી/ ૧૦૨૦૧૧/૩૦/આઇટી સેલ/૨૦૧૨ તા.૧૨/૦૭/૨૦૧૨ અન્વયે પોરબંદર જીલ્લાની અઠવાડીક **તા.૧૭/૦૪/૨૦૨૩ થી તા.૨૩/૦૪/૨૦૨૩** સુધીની સારી કામગીરીની મુદ્દા નંબર ૧ થી ૬ ની માહિતી નીચે મુજબ છે.

**મુદ્દા નંબર ૧:- જો જીલ્લા શહેર કક્ષાએ કોઇ ખોવાયેલ બાળકો માટે ઝુંબેશ હાથ ધરવામાં આવેલ હોય કે અન્ય સારી કામગીરી માટે ઝુંબેશ ચલાવવામાં આવી હોય:-**

(૧) ઉધોગનગર પોલીસ સ્ટેશનના જા.જોગ રજી.નં.૦૦૧/૨૦૨૩, તા.૨૩/૦૩/૨૦૨૩ અન્વયે ગુમ થનાર કુંવરબેન વા/ઓ નાઘીયાભાઇ ઘોડા રહે.ધરમપુર પાટીયા પાસે ચારણના દંગામાં પોરબંદર વાળીને તા.૧૯/૦૪/૨૦૨૩ ના રોજ ઉધોગનગર પો.સ્ટે.ના પો.સબ.ઇન્સ.શ્રી કે.એન.ઠાકરીયા નાઓએ પડાણાનેશ જી.જામનગર થી શોધેલ છે.

**મુદ્દા નંબર ૪:- ગુન્હાઓ અટકાવવા કોઇ વિશિષ્ટ કામગીરી/સ્ટ્રેટજી આપવામાં આવેલ હોય અને સફળતા મળેલ હોય:-**

(૧) કીર્તીમંદીર પોલીસ સ્ટેશનના ગુ.ર.નં.૨૧૭/૨૦૨૩ IPC ક. ૩૭૯ મુજબ તા.૦૪/૦૪/૨૦૨૩ ના રોજ ગુન્હો નોંધાયેલ હોય બંગડી બજારમાં લગાડવામાં આવેલ સી.સી.ટી.વી.કેમેરા તથા વિશ્વાસ પ્રોજેક્ટનાં સી.સી.ટી.વી.કેમેરા તથા સ્ટાફની મદદ મેળવી ચોર ઈસમની ભાળ મેળવી કિર્તિમંદીર પોસ્ટેના PI શ્રી વી.પી.પરમાર તથા PC વિશાલ રવજીભાઈ વિંઝુડા તથા રાજુ દેવશીભાઈ ઓડેદરાનાઓને અંગત હ્યુમન સોર્સ મારફતે બાતમી હકીકત મળેલ કે અગાઉ બંગડી બજારમાં બીન્ની નામની દુકાનમાથી મોબાઈલ ફોનની ચોરી કરનાર મહિલા એમ.જી.રોડ નેશનલ રેસ્ટોરન્ટ સામે ઉભેલ છે.જેથી સત્વરે સર્વેલન્સ સ્ટાફના વુ.પો.કોન્સ. કીર્તિબેન ભરતભાઈ ઓડેદરાનાઓને સાથે સર્વેલન્સ સ્ટાફના પો.સબ.ઈન્સ.આર.કે.કાંબરીયા તથા સ્ટાફ સાથે બાતમી વાળી જગ્યાએ તુરંત પહોચી ત્યા બાતમીમા મુજબના એક બહેન ઉભેલ હોય જેનું નામઠામ પુછતા પોતે પોતાનું નામ સુજાતાબેન વા/ઓ મિતુલભાઈ મકવાણા ઉ.વ.૫૦ રહે. ભગવતીપરા, તીરૂપતી સોસાયટી પાછળ જામનગરવાળી હોવાનું જણાવેતા પંચો રૂબરૂ અંગ ઝડતી કરતા સદર ગુનાના કામે ચોરીમા ગયેલ મોબાઈલ મળી આવતા યુક્તિ પ્રયુક્તિ પુર્વક તેની પુછપરછ કરતાં તેણીએ સદર મોબાઈલ બંગડી બજાર, બીન્ની નામની દુકાનમાથી ચોરી કરેલાની કબુલાત કરતા મજકુર બહેન વિરૂધ્ધ ધોરણસર કાર્યવાહી કરવામાં આવેલ છે.

**મુદ્દા નંબર ૫:- વૃધ્ધો મહીલાઓ કે બાળકોની સુરક્ષા માટેની વિશિષ્ટ કામગીરીઃ-**

(૧) ઉધોગનગર પોલીસ સ્ટેશનના તા-૧૭/૦૪/૨૦૨૩ ના રોજ વનાણા અમર જ્યોત વૃધ્ધાશ્રમની મુલાકાત લેવામા આવેલ. તેમજ કોઇપણ પ્રકારની પોલીસ લગત સમસ્યાઓ હોય, તો રજુઆત કરવા સમજ કરવામા આવેલ.

(૨) કમલાબાગ પોલીસ સ્ટેશનના તા.૧૭/૦૪/૨૦૨૩ ના રોજ કમલાબાગ સર્કલ ભાવેશ્વર મંદિર, યુગાંડા રોડ, છાંયા ચાર રસ્તા, વિસ્તારોમા આશરે ૫ જેટલા સીનીયર સીટીજનોને સાયબર ક્રાઇમનો ભોગ ન બને તે માટે તેઓને જાગૃત કરી સાયબર ક્રાઇમ સંબંધિત માહીતી આપી તેઓને માહિતગાર કરવામા આવેલ. તથા તા.૧૮/૦૪/૨૦૨૩ ના રોજ છાંયા, કાવેરી હોટલની સામે, નવા કુવારા વિસ્તારમા રહેતા ૭ સીનીયર સીટીજનોને સાયબર ક્રાઇમનો ભોગ ન બને તે માટે તેઓને જાગૃત કરી સાયબર ક્રાઇમ સંબંધિત માહીતી આપી તેઓને માહિતગાર કરવામા આવેલ.તથા તા.૧૯/૦૪/૨૦૨૩ ના રોજ છાંયા નવાપરા, કમલાબાગ સર્કલ, ભાવેશ્વર મંદિર, વાડીપ્લોટ વિસ્તારમા રહેતા ૧૦ સીનીયર સીટીજનોને સાયબર ક્રાઇમનો ભોગ ન બને તે માટે તેઓને જાગૃત કરી સાયબર ક્રાઇમ સંબંધિત માહીતી થી માહિતગાર કરવામા આવેલ. તથા તા.૨૦/૦૪/૨૦૨૩ ના રોજ રઘુવંશી સોસાયટી, કમલાબાગ સર્કલ, એમ જી રોડ વિસ્તારમા રહેતા ૯ સીનીયર સીટીજનોને સાયબર ક્રાઇમનો ભોગ ન બને તે માટે તેઓને જાગૃત કરી સાયબર ક્રાઇમ સંબંધિત માહીતી થી માહિતગાર કરવામા આવેલ. તથા તા.૨૧/૦૪/૨૦૨૩ ના રોજ છાંયા નવાપરા, વાડીપ્લોટ શાકમાર્કેટ વિસ્તારમા રહેતા ૩ સીનીયર સીટીજનોને સાયબર ક્રાઇમનો ભોગ ન બને તે માટે તેઓને જાગૃત કરી સાયબર ક્રાઇમ સંબંધિત માહીતી થી માહિતગાર કરવામા આવેલ. તથા તા.૨૨/૦૪/૨૦૨૩ ના રોજ કડીયાપ્લોટ, કમલાબાગ સર્કલ વિસ્તારમા રહેતા ૮ સીનીયર સીટીજનોને સાયબર ક્રાઇમનો ભોગ ન બને તે માટે તેઓને જાગૃત કરી સાયબર ક્રાઇમ સંબંધિત માહીતી થી તેઓને માહિતગાર કરવામા આવેલ.

(૩) હાર્બર પોલીસ સ્ટેશનના તા.૧૩/૦૪/૨૦૨૩ ના જાવર વિસ્તાર તથા તા.૧૫/૦૪/૨૦૨૩ ના રોજ સુભાષનગર વિસ્તારમાં મહિલાઓની તથા સીનીયર સીટીજન ની મુલાકાત લેવામાં આવી તેઓને સાયબર ક્રાઇમ લગત થતા ફ્રોડ જેવા કે સાયબર લોટરી ની લાલચ આપી થતા ફ્રોડ,વિમા ધારક સાથે થતા ફ્રોડ,ટાવર ઇન્સ્ટોલેશન લગત થતા ફ્રોડ વગેરે થી માહીતગાર કરવામાં આવ્યા તેમજ ૧૮૧ હેલ્પ લાઇન બાબતે તેમજ ઘરેલુ હિંસાના બનાવ બાબતે તાત્કાલીક પોલીસનો સંપર્ક સાધવાનું જણાવવામાં આવેલ

(૪) મહિલા પોલીસ સ્ટેશનના તા-૧૭/૦૪/૨૦૨૩ના રોજ ૧૮૧ ની ટીમ સાથે PSI –કે.એમ.સૈયદ તથા HC-પ્રતાપભાઇ જીવાભાઇ તથા WLR-નૈયનાબેન ડાહ્યાભાઇ ખાડિ વિસ્તારમા પોરબંદર ખાતે મહિલાઓને ઘરેલુ હિંસા,છેડતી વગેરે બબતોની જાગૃતતા લાવવાં માટે સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતુ. તથા તા-૨૩/૦૪/૨૦૨૩ ના રોજ સુદામા મંદિર ખાતે મહિલા જાગ્રુતીકરણ અંગે તેમજ ૧૮૧ હેલ્પ લાઇન બાબતે તથા સાયબર હેલ્પ લાઇન ૧૯૩૦ બાબતે તેમજ ઈ-એફ.આઈ.આર અંગેની તથા સાયબર ફ્રોડ બાબતેની તેમજ ઘરેલુ હિંસા, છેડતી, મહિલા અત્યાચારને લગતી તમામ સમસ્યા અંગેની કાયદાકીય માહિતી તેમજ કાનુની સહાય અને રક્ષણ કેવી રીતે મેળવી શકાય તે અંગેની માહિતિ આપી. તેમજ સીનીયર સીટીજનનાઓને હેલ્પ લાઇન નંબર ૧૪૫૬૭ અંગે તેમજ સાયબર અંગે અવેરનેસ બાબતે જાણકારી આપવામાં આવી.

(નિલમ ગોસ્વામી)
ઇ.ચા.ના.પો.અધિ.મુ.મ. અને
નોડલ ઓફીસર eGujcop
પોરબંદર